## રાષ્ટ્રીય ટ્રસ્ટ - માનસિક ખોડખાંપણ અને બહુવિધ વિકલાંગતા અધિનિયમ, 1999 હેઠળ સ્થાપિત સ્થાનિક સ્તરની સમિતિઓ સંબંધિત માહિતીનું પ્રદર્શન

### 1) અધિનિયમ (માનસિક વિકલાંગતા અધિનિયમ) હેઠળ સુવિધાઓ વિશેની જરૂરી વિગતો -

"રાષ્ટ્રીય ટ્રસ્ટના મૂળભૂત ઉદ્દેશ્યો આ મુજબ છે:-

a) વિકલાંગ વ્યક્તિઓજે સમુદાય સાથે સંબંધ ધરાવે છે તેની અંદર અને તેની નજીકમાં શક્ય તેટલું સ્વતંત્ર અને સંપૂર્ણ રીતે જીવી શકે તે માટેતેમને સક્ષમ બનાવવા અને તેમનું સશક્તિકરણ કરવું;
b) વિકલાંગ વ્યક્તિઓને તેમના પોતાના પરિવારમાં રહી શકે તે માટે સહાય પૂરી પાડવા માટે સુવિધાઓ વધુ મજબૂત બનાવવી;
c) વિકલાંગ વ્યક્તિઓના પરિવારમાં કટોકટીના સમયગાળા દરમિયાન જરૂરિયાત આધારિત સેવાઓ પૂરી પાડવા માટે નોંધાયેલ સંસ્થાને સમર્થન આપવું;
d) જેમને પરિવાર તરફથી કોઇ સહકાર ન મળતો હોય તેવા વિકલાંગ વ્યક્તિઓની સમસ્યાઓનો ઉકેલ લાવવો;
e) વિકલાંગ વ્યક્તિઓના માતા-પિતા અથવા વાલીનું મૃત્યુ થાય તો એવી સ્થિતિમાં તેમની સંભાળ અને સંરક્ષણ માટેના પગલાંને પ્રોત્સાહન આપવું;
f) જે વિકલાંગવ્યક્તિઓને વાલીઓ અને ટ્રસ્ટીઓ જેવા રક્ષણની જરૂર હોય તેમના માટે વાલીઓ અને ટ્રસ્ટીઓની નિમણૂક માટેની પ્રક્રિયા તૈયાર કરવી;
g) વિકલાંગ વ્યક્તિઓનેસમાન તકોની અનુભૂતિ, તેમના અધિકારનું રક્ષણ અને સંપૂર્ણ સહભાગીતાની સુવિધા કરી આપવી; અને
h) ઉપરોક્ત હેતુ માટે આકસ્મિક હોય તેવું અન્ય કોઇ કાર્ય કરવું."

2) "માનસિક સ્વાસ્થ્ય અધિનિયમ હેઠળ ડિસ્ટ્રિક્ટ કોર્ટ દ્વારા અથવા ઓટિઝમ, સેરેબ્રલ પાલ્સી, માનસિક ખોડખાપણ અને બહુવિધ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના કલ્યાણ માટે રાષ્ટ્રીય ટ્રસ્ટઅધિનિયમ, 1999 હેઠળ સ્થાનિક સ્તરની સમિતિઓ દ્વારા ઇશ્યુકરાતા કાનૂની વાલીપણાંનું પ્રમાણપત્ર,વિકલાંગ/વિકલાંગતાઓ ધરાવતી વ્યક્તિઓના બેંક ખાતા ખોલવા/ઓપરેટ કરવામાટે સ્વીકાર્ય છે."

3) સ્થાનિક સ્તરની સમિતિઓની વિગતો શાખા સૂચના ફોલ્ડરમાં ઉપલબ્ધ છે.

કોઇપણ સહાયતા માટે કૃપા કરીને અમારા સર્વિસ ડિલિવરી એમ્બેસેડરનો સંપર્ક કરો.

આભાર

આરબીએલ બેંક લિમિટેડ વતી,

બ્રાન્ચ મેનેજર